GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં પ્રતિબિંબિત થતો સાહિત્યિક પીઠિકાનો અનુબંધ

**Dr. Komal N. Sachade**
***M.A., M.Ed., M.Phil., Ph.D., GSET***
Asst. Teacher
Shree Sukhpar (Roha) School
Nakhtrana – Kutch
E-Mail : komalsachde54@gmail.com Mobile: 9909696154

**સારાંશ :**

*સાંપ્રત સમયમાં દરેક પ્રવાહે ડિજિટલ વાઘા ધારણ કરી લીધા છે. શિક્ષણ હોય કે સાહિત્ય દરેક ક્ષેત્રે ડિજિટલ પ્લેટફોર્મનો બહોળો વિનિમય થઈ રહ્યો છે. શિક્ષણ એ રાષ્ટ્રનો આત્મા છે અને સાહિત્ય એ શિક્ષણનું ગત્યાત્મક પાસું છે. શિક્ષણ માનવ વિકાસનું અતિ મૂલ્યવાન માધ્યમ છે તો સાહિત્ય એ શિક્ષણ જગતની ધરોહર છે. આજે શિક્ષણ પ્રતીક્ષા કરી રહ્યું છે એવા ચિંતકોની, શિક્ષકોની અને વિદ્યાપ્રેમીઓની કે જેઓ તેની કાયાપલટ કરવા માટે સંઘર્ષ કરવા આગળ આવે. પ્રવર્તમાન સમયે રાષ્ટ્રને પ્રાણશક્તિ પૂરી પાડનાર શિક્ષણના ક્ષેત્રે આમૂલ ક્રાંતિકારી વિચારધારા સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ– ૨૦૨૦ના પગરણ મંડાયા છે, ત્યારે શિક્ષણમાં નવપ્રાણ રેડાશે એ અભ્યર્થના સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં સમાવિષ્ટ પ્રત્યેક ઘટકોનું આકલન કરીને તેને વ્યવહારુ બનાવવી એ દરેકનો યુગધર્મ બને છે.*

*ગાંધીજી કહે છે – " **આજીવિકા એ વિદ્યાનું લક્ષ્ય ન હોય પણ વિદ્યાનું ફળ હોવું જોઈએ; વિદ્યાનું લક્ષ્ય આત્મવિકાસ છે. જ્યાં આત્મવિકાસ છે ત્યાં આજીવિકા તો છે જ.**" રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં આપણી આદિકાળની ભવ્ય ભારતીય શિક્ષણપ્રણાલીનું પ્રતિબિંબ ઝીલાયેલું દ્રષ્ટિગોચર થાય છે. તો ગુણવત્તા યોગસાહિત્યના સથવારે અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના પગલે– પગલે શિક્ષણક્ષેત્રે નૂતન આયામો સ્થાપિત કરી ગુણવત્તાયુક્ત શિક્ષણના શમણાં સાકાર કરી શકાય તેમ છે.*

*પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર શિક્ષણનું તત્વજ્ઞાન હતું. અભ્યાસનો પ્રકાર વ્યાવહારિક અને ગુણાત્મક પ્રકારનું હતું. પ્રયોજકે સંશોધન પદ્ધતિ માટે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ અંતર્ગત વિષયવસ્તુ વિશ્લેષણ*

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

*પધ્ધતિ પસંદ કરી હતી. નિદર્શ તરીકે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ની સહેતુક નમૂના પસંદગી પ્રવિધિથી પસંદગી કરી હતી.*

*પ્રસ્તુત અભ્યાસના ઉપકરણ તરીકે નોંધપત્રકો જેમ કે : **સાહિત્યિક સંદર્ભેનું વર્ગીકરણ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં સાહિત્યિક પીઠિકાનો સંદર્ભ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માંથી નિષ્પન્ન થતાં સાહિત્ય ઘટકોનું વર્ગીકરણ** એમ **કુલ : (૩) સ્વરચિત નોંધપત્રકો**નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત મૂલ્ય વિષયક **કુલ : (4) વિચારજૂથો**નું વિભાજન કરીને અભ્યાસના વિષયવસ્તુમાંથી સાહિત્યલક્ષી ઘટકો તારવીને માહિતીનું એકત્રીકરણ કર્યા બાદ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માંથી સાહિત્યિક પીઠિકા વિષયક ચિંતન તારવવામાં આવ્યું હતું.*

*રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦નો અભ્યાસ કરતાં તેમાંથી પ્રાપ્ય માહિતીને સાહિત્યના સંદર્ભમાં તારવવામાં આવી હતી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત વાંચનનું વાતાવરણ સર્જવા માટે પુસ્તકાલયના નોંધપાત્ર વિસ્તરણ વિશેની બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ માટે ડિજિટલ લાઇબ્રેરીની એક ઉત્તમ પહેલ વિશેની વાત કરવામાં આવી છે. બુક ક્લબની સ્થાપના તથા રાષ્ટ્રીય પુસ્તક પ્રોત્સાહક નીતિની વ્યાપક પહેલ પર ભાર મૂકવામાં આવ્યો છે. આ સાથે વિષયોના વિકલ્પમાં પણ શાસ્ત્રીય ભાષાઓ અને સાહિત્યની બાબતે છણાવટ કરવામાં આવી છે આનુભવિક અધ્યાપન અંતર્ગત પણ ભાષા શિક્ષણની વાત તથા આ પ્રત્યેક પ્રવૃત્તિને દ્રઢ કરવા માટે (ICT) ફલકની વાત કરવામાં આવી છે, જેના અનુસંધાને વિવિધ સાહિત્યિક પુસ્તકો તથા સાહિત્યિક પ્રવૃત્તિઓને વેગ મળે તેમ છે.*

**ચાવીરૂપ શબ્દો : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦, સાહિત્યિક પીઠિકા, અનુબંધ**

**પ્રસ્તાવના :**

સાંપ્રત સમયમાં દરેક ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવી રહ્યું છે. આ ક્રાંતિકારી યુગમાં ડિજિટલ માધ્યમોએ હરણફાળ ભરી છે ત્યારે એમાંથી કોઈ પણ ક્ષેત્ર બાકાત નથી. દરેક ક્ષેત્રે ડિજિટલ યુગનો પ્રારંભ થઈ ચૂક્યો છે. એક દ્રષ્ટિ કરીએ સાહિત્ય પર તો સાહિત્યના પ્રત્યેક આયામોને ડિજિટલ પ્લેટફોર્મ પર મૂકવાની એક તક સાંપડી છે. સાહિત્યિક વિષયવસ્તુ ડિજિટલ પ્લેટફોર્મ થકી ઈ– બુક સ્વરૂપે અથવા વિડિયો, ઓડિયો મારફતે થોડી જ ક્ષણોમાં સમાજ સુધી પહોંચાડવાના ક્રાંતિકારી કદમોના મંડાણ થઈ ચૂક્યા છે. ત્યારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં પણ બદલાતા પ્રવાહો અંતર્ગત સાહિત્યનો અનુબંધ ચોક્કસપણે જોવા મળે છે. શિક્ષણ અને સાહિત્ય એક સિક્કાની બે બાજુ જ કહી શકાય માટે સાહિત્યના સથવારે શિક્ષણની

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

યાત્રામાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત સાહિત્યનો અનુબંધ મહદઅંશે છે વિવિધ મુદ્દાઓમાં જોવા મળે છે.

**વિદ્યુતજોષી (૨૦૦૯) *'શિક્ષણ : ચિંતા અને ચિંતન'માં જણાવે છે કે –***

**" એકવીસમી સદીની શરૂઆતમાં જ શિક્ષણ વ્યવસ્થામાં તંગદિલી ઊભી થશે અને તિરાડો પડશે તેવી ચેતવણી યુનેસ્કો દ્વારા નિમાયેલા શિક્ષણના આંતરરાષ્ટ્રીય પંચે તેના અહેવાલ 'લર્નિંગ ધ ટ્રેઝર વિધિન' (૧૯૯૭) માં આપી દીધી હતી. આ અહેવાલમાં જે સાત પ્રકારની તંગદિલીનો ઉલ્લેખ છે તે આજે શિક્ષણક્ષેત્રે વિવિધ સ્વરૂપોમાં અનુભવાઈ રહ્યો છે."**

આ તંગદિલીને પહોંચી વળવા મનોમંથન કરી સૌ શિક્ષણપ્રેમીઓએ પરંપરાગત માળખામાં આધુનિકીકરણની અમલવારી કરવી જ રહી. ત્યારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ એ અસંખ્ય વિચારોને વલોવ્યા બાદ ઉદ્દ્ભવેલું નવનીત કહી શકાય. જેના પ્રત્યેક મુદ્દાઓના અભ્યાસ પરથી જણાય છે કે શિક્ષણપ્રણાલીમાં નવપ્રાણ પૂરવાનો સમય હવે પાકી ગયો છે. ત્યારે અન્ય મહાન ચિંતકોએ પણ પોતાના શિક્ષણ દર્શનમાં સાહિત્યની કેળવણીના પાસાને ધરોહર સમી ઉજાગર કરી છે.

**મૂલ્ય આધારિત શિક્ષણ વિષય પરનો ૮૧ મો રીપોર્ટ મુજબ –" આધુનિક શિક્ષણ એ માત્ર માહિતી પ્રસારની પ્રક્રિયા છે. આપણી શિક્ષણ વ્યવસ્થા માત્ર માહિતી શિક્ષણ આપવામાં કેન્દ્રિત થયેલી છે. વિદ્યાર્થીને એક માનવી બનાવવાની શિક્ષણ પ્રક્રિયા બાજુ પર મૂકાઈ ગઈ છે. વિદ્યાર્થીને સમાજનું / રાષ્ટ્રનું સક્ષમ અંગ બનાવવાના શિક્ષણની ઉપેક્ષા થઈ છે."**

ચારિત્ર્ય ઘડતરના પરિપ્રેક્ષ્યમાં આપણું શિક્ષણ ક્યા સ્તર પર છે? હૃદય– હૃદય વચ્ચેનું અંતર વધતું જાય છે ને શિક્ષણમાંથી સંવેદનાયુક્ત હૃદયની કેળવણીનો હ્રાસ થતો જાય છે. **આપણાં સાહિત્યમાં પડેલી સંવેદનાઓને વણી લઈને ભારતનો ભવયાતી ભવ્ય પ્રાચીન, મધ્યકાલીન તથા અર્વાચીન સાહિત્યના પાયા પર શિક્ષણની ઈમારત જાળવી અતિ આવશ્યક છે.**

**ત્રિવેદી એચ. (૨૦૦૧) *'જીવનલક્ષી શિક્ષણમાં'* જણાવે છે કે –**

**"શુધ્ધ અને નિર્મળ માણસાઈથી ભરેલું મનુષ્યજીવન એ ખરી કેળવણીના પરિણામની કસોટી છે. આજે જો આપણને માણસાઈનો અભાવ દેખાતો હોય તો સમજવું કે એ ખોટી કેળવણીનું પરિણામ છે."**

**ભારતીય માધ્યમિક પંચ** પણ ચારિત્ર્ય ઘડતરના એક સાધન તરીકે આધ્યાત્મિક અને નૈતિક શિક્ષણનું મહત્વ દર્શાવ્યું છે. **રાધાકૃષ્ણન યુનિવર્સિટી પંચે** પણ ધાર્મિક સંસ્કારોની શરૂઆત બાલ્યાવસ્થાથી થાય એ હિતાવહ છે એવું સૂચન કર્યું હતું. **કોઠારી કમિશને** સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોના વિકાસ માટે સર્વગ્રાહી શિક્ષણ પર ભાર મૂક્યો છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**કન્ફ્યુશિયસ જણાવે છે : " જો કોઇ વ્યક્તિ નિષ્ઠાપૂર્વક એની વર્તણૂંકમાં મૂલ્યોને સ્થાન આપે, તો એ થોડી માત્રામાં ભૂલ કરી શકે, પરંતુ આમ છતાં એ સત્યના પ્રમાણિત ધોરણ કરતાં બહુ દૂર નહીં હોય."** રાષ્ટ્રીય ચરિત્ર નિર્માણ કરવાની અને સમાજ સંસ્કૃતિને તેની ભવ્ય ઊંચાઇઓ પર પુન: પ્રસ્થાપિત કરવાની પારંપરિક જવાબદારી શિક્ષણ વ્યવસ્થાની છે. આપણા ભવ્યાતિભવ્ય સાહિત્ય તથા સાંસ્કૃતિક વારસાના સંવર્ધન કરવાના હેતુ માટે તથા સુસંસ્કૃત મૂલ્યમચી માનવ ઘડતર માટે સાહિત્યનો સથવારો એ પૂર્વ શરત છે.

**સંશોધનના હેતુઓ :**

૧. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦નો સાહિત્યના સંદર્ભમાં અભ્યાસ કરવો.

૨. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦નો સાહિત્યિક પીઠિકાના સંદર્ભે અનુબંધ તપાસવો.

૩. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માંથી સાહિત્યિક સંદર્ભો કે સાહિત્ય ઘટકો તારવવા.

**સંશોધનના પ્રશ્નો :**

**૧.** રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦નું માળખું કેવું છે ?

૨. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં સાહિત્ય આધારિત કેવી સાહિત્યિક પીઠિકા નિહિત છે?

૩. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં સાહિત્યના કેવા અને ક્યા– ક્યા સંદર્ભો પ્રાપ્ય છે?

**સંશોધનનું સીમાંકન :**

૧. પ્રસ્તુત સંશોધનમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ માં પ્રતિબિંબિત થતો સાહિત્યિક પીઠિકાનો અનુબંધ તપાસવાના સંદર્ભમાં જ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

૨. પ્રસ્તુત સંશોધનમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦માંથી માત્ર સાહિત્ય આધારિત ઘટકો તારવવામાં આવ્યા હતા.

૩. પ્રસ્તુત સંશોધનમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ના સાહિત્યિક ઘટકોને આધારે જ તારણો તારવવામાં આવ્યા હતા.

**સંશોધન ચોજના**

**૧) સંશોધન ક્ષેત્ર :**

સંશોધનકાર્યનું પ્રથમ સોપાન અને તેનો સૈધ્ધાંતિક કાર્યવિસ્તાર એટલે સંશોધનનું ક્ષેત્ર. પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર શિક્ષણનું તત્વજ્ઞાન છે. જેમાં શિક્ષણની સમસ્યાઓને તત્વજ્ઞાનના સિધ્ધાંતોના આશ્રયથી ઉકેલવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં પ્રતિબિંબિત થતો

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

સાહિત્યિક પીઠિકાનો અનુબંધ વિષયક સંદર્ભો તારવવાના હોવાથી **શિક્ષણનું તત્વજ્ઞાન** એ આ સંશોધનનું ક્ષેત્ર બને છે.

**૨) સંશોધનનો પ્રકાર :**

પ્રસ્તુત સંશોધનનો પ્રકાર **વ્યાવહારિક અને ગુણાત્મક** પ્રકારનું છે. પ્રસ્તુત સંશોધનમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં પ્રતિબિંબિત થતો સાહિત્યિક પીઠિકાના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હોવાથી આ સંશોધન ગુણાત્મક પ્રકારનું છે.

**૩) વ્યાપવિશ્વ :**

પ્રસ્તુત અભ્યાસમાં ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયની **ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦** એ સંશોધનનું વ્યાપવિશ્વ બને છે.

**૪) નમૂના પસંદગી :**

પ્રસ્તુત સંશોધનમાં વિચારજૂથોનું પ્રતિનિધિત્વ ક્યા સાહિત્ય દર્શાવી શકશે તે હેતુથી એટલે કે **'સહેતુક નમૂના પસંદગી પ્રવિધિ'**નો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ને સમાવવામાં આવ્યું હતું.

| સાહિત્ય | સ્ત્રોત | પ્રકાશન |
|---|---|---|
| **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦** | માનવ સંસાધન વિકાસ મંત્રાલય | ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર |

**૫) સંશોધન પદ્ધતિ :**

અભ્યાસકર્તાએ નીચેની પદ્ધતિઓને આધાર તરીકે લઈ અભ્યાસકાર્ય પાર પાડ્યું હતું.

**૧. વર્ણનાત્મક પદ્ધતિ**

**૨. વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ**

વર્ણનાત્મક સંશોધન પદ્ધતિમાં જ વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો સમાવેશ કરવામાં આવે છે. વર્તમાન સમયમાં અસ્તિત્વમાં હોય તેવા બનાવો માટે, વર્ણન અને અર્થઘટન માટેની સંશોધન પદ્ધતિઓ આ વિભાગમાં આવે છે.

**૬) ઉપકરણ :**

પ્રસ્તુત અભ્યાસના ઉપકરણ તરીકે નોંધપત્રકો જેમ કે : સાહિત્યિક સંદર્ભેનું વર્ગીકરણ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં સાહિત્યિક પીઠિકાનો સંદર્ભ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માંથી નિષ્પન્ન થતાં

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

સાહિત્ય ઘટકોનું વર્ગીકરણ એમ કુલ : (૩) સ્વરચિત નોંધપત્રકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત મૂલ્ય વિષયક કુલ : (4) વિચારજૂથોનું વિભાજન કરીને અભ્યાસના વિષયવસ્તુમાંથી સાહિત્યલક્ષી ઘટકો તારવીને માહિતીનું એકત્રીકરણ કર્યા બાદ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માંથી સાહિત્યિક પીઠિકા વિષયક ચિંતન તારવવામાં આવ્યું હતું.

પ્રસ્તુત સંશોધનમાં વિષયવસ્તુમાંથી માહિતી એકત્ર કરવા સ્વરચિત નોંધપત્રકોમાં વિચારજૂથો દર્શાવીને દરેક મુખ્ય વિચારજૂથો, આ અંતર્ગત પેટા વિચારજૂથો અને તેને અનુરૂપ વિચાર એકમો દર્શાવ્યા હતા.

**૭) માહિતીનું એકત્રીકરણ :**

સ્વરચિત નોંધપત્રકોમાં વિચારજૂથના અને વિચાર એકમોના વિભાજન માટે ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયની ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦નું સૌ પ્રથમ અર્થસભર વાચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦નું દ્વિતીય વાંચન કરીને વિષયવસ્તુમાંથી સાહિત્યિક પીઠિકાના અનુબંધલક્ષી ઘટકોની સ્વરચિત નોંધપત્રકો પર નોંધ કરીને મુખ્ય તારણો તારવવામાં આવ્યા હતા.

**૮) પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન :**

**(સારણી – ૧) NEP–2020 અંતર્ગત સાહિત્યિક પીઠિકાના સંદર્ભનું વર્ગીકરણ**

| ક્રમ | NEP–2020 અંતર્ગત સાહિત્યિક પીઠિકાના મુદ્દા | સાહિત્યિક અનુબંધનું મુદ્દાસર વર્ગીકરણ |
|---|---|---|
| ૧ | શાળા શિક્ષણ | 1. ડિજિટલ લાઇબ્રેરી એક ઉત્તમ પહેલ: સાહિત્યિક પીઠિકાનો અનુબંધ<br>2. વાંચનના વાતાવરણ માટે પુસ્તકાલયનું નોંધપાત્ર વિસ્તરણ<br>3. બુક કલબની સ્થાપનામાં નિહિત સાહિત્ય સંદર્ભ<br>4. રાષ્ટ્રીય પુસ્તક પ્રોત્સાહક નીતિ: સાહિત્યિક દ્રષ્ટિએ વ્યાપક પહેલ |
| ૨ | શાળામાં અભ્યાસક્રમ અને | 1. 'ભારતની ભાષાઓ' પર ફન પ્રોજેક્ટ/ પ્રવૃત્તિ |

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

| | | |
|---|---|---|
| | **અધ્યાપન શાસ્ત્ર** | 2. વિષયોના વિકલ્પ તરીકે :શાસ્ત્રીય ભાષાઓ અને સાહિત્ય<br>3. આનુભવિક: ભાષા શિક્ષણ અંતર્ગત સાહિત્ય<br>4. બેગલેસ ડે અંતર્ગત સાહિત્યિક અનુબંધ<br>5. 'ભારતનું જ્ઞાન' વિષય અંતર્ગત સાહિત્ય<br>6. દસ્તાવેજી ફિલ્મ, વિડિયો નિદર્શન અંતર્ગત સાહિત્યિક પીઠિકા<br>7. સાંસ્કૃતિક આદાન પ્રદાન કાર્યક્રમ અંતર્ગત સાહિત્યનો સંદર્ભ<br>8. ભારતીય મૂલ્ય વિકાસના પાયામાં સાહિત્યિક આધારસ્તંભ |
| ૩ | **ભારતીય ભાષાઓ, કલા અને સંસ્કૃતિનું સંવર્ધન** | 1. સાંસ્કૃતિક સંપત્તિ સંરક્ષણ અંતર્ગત સાહિત્યિક પીઠિકા |
| ૪ | **તકનીકીનો ઉપયોગ અને સમન્વય** | 1. વેબ આધારિત પ્લેટફોર્મ /પોર્ટલ મારફતે ભાષા દસ્તાવેજીકરણ<br>2. વિશ્વવિદ્યાલય અને સંશોધન જૂથો દ્વારા ડિજિટલ મંચ સમૃદ્ધિ<br>3. ઓનલાઈન પુસ્તકો અને ICT સજ્જ પુસ્તકાલય |
| ૫ | **સ્થાનિક વિષયવસ્તુ અને પરિપ્રેક્ષ્ય ધરાવતા રાષ્ટ્રીય પાઠ્યપુસ્તકો** | 1. ગ્રામીણ પુસ્તકાલય અને વાંચનાલયોની સ્થાપના<br>2. બાળ પુસ્તકાલય તેમજ ફરતું પુસ્તકાલય અંતર્ગત સાહિત્યિક અભિગમ<br>3. પાઠ્યપુસ્તકોમાં સ્થાનિક વિષયવસ્તુ અંતર્ગત: સાહિત્યિક અભિગમ |

**સારણી – ૨**

**NEP -૨૦૨૦માં પ્રતિબિંબિત થતો સાહિત્યિક પીઠિકાનો અનુબંધ: વર્ગીકરણ**

| ક્રમ | વિચારજૂથ | NEP – ૨૦૨૦ (વિભાગ) | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| 1) | 1. ડિજિટલ લાઈબ્રેરી એક ઉત્તમ પહેલ: સાહિત્યિક પીઠિકાનો | **શાળા શિક્ષણ** | **27** |

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025


| | | | |
|---|---|---|---|
| | અનુબંધ | | |
| | 2. વાંચનના વાતાવરણ માટે પુસ્તકાલયનું નોંધપાત્ર વિસ્તરણ | " | 27 |
| | 3. બુક ક્લબની સ્થાપનામાં નિહિત સાહિત્ય સંદર્ભ | " | 27 |
| | 4. રાષ્ટ્રીય પુસ્તક પ્રોત્સાહક નીતિ: સાહિત્યિક દ્રષ્ટિએ વ્યાપક પહેલ | " | 37 |
| 2) | 1. 'ભારતની ભાષાઓ' પર ફન પ્રોજેક્ટ/ પ્રવૃત્તિ | **શાળામાં અભ્યાસક્રમ અને અધ્યાપન શાસ્ત્ર** | 38 |
| | 2. વિષયોના વિકલ્પ તરીકે :શાસ્ત્રીય ભાષાઓ અને સાહિત્ય | " | 38 |
| | 3. આનુભવિક: ભાષા શિક્ષણ અંતર્ગત સાહિત્ય | " | 39 |
| | 4. બેગલેસ ડે અંતર્ગત સાહિત્યિક અનુબંધ | " | 40 |
| | 5. 'ભારતનું જ્ઞાન' વિષય અંતર્ગત સાહિત્ય | " | 41 |
| | 6. દસ્તાવેજી ફિલ્મ, વિડિયો નિદર્શન અંતર્ગત સાહિત્યિક પીઠિકા | " | 41 |
| | 7. સાંસ્કૃતિક આદાન પ્રદાન કાર્યક્રમ અંતર્ગત સાહિત્યનો સંદર્ભ | " | 41 |
| | 8. ભારતીય મૂલ્ય વિકાસના પાયામાં સાહિત્યિક આધારસ્તંભ | " | 41 |
| 3) | **1.** સાંસ્કૃતિક સંપત્તિ સંરક્ષણ અંતર્ગત સાહિત્યિક પીઠિકા | **ભારતીય ભાષાઓ, કલા અને સંસ્કૃતિનું સંવર્ધન** | 42 |
| 4) | 1. વેબ આધારિત પ્લેટફોર્મ /પોર્ટલ મારફતે ભાષા દસ્તાવેજીકરણ | **તકનીકીનો ઉપયોગ અને સમન્વય** | 125 |

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

| | | | |
|---|---|---|---|
| | 2. વિશ્વવિદ્યાલય અને સંશોધન જૂથો દ્વારા ડિજિટલ મંચ સમૃદ્ધિ | " | 125 |
| | 3. ઓનલાઈન પુસ્તકો અને ICT સજ્જ પુસ્તકાલય | " | 125 |
| 5) | 1. ગ્રામીણ પુસ્તકાલય અને વાંચનાલયોની સ્થાપના | **સ્થાનિક વિષયવસ્તુ અને પરિપ્રેક્ષ્ય ધરાવતા રાષ્ટ્રીય પાઠ્યપુસ્તકો** | 118 |
| | 2. બાળ પુસ્તકાલય તેમજ ફરતું પુસ્તકાલય અંતર્ગત સાહિત્યિક અભિગમ | " | 120 |
| | 3. પાઠ્યપુસ્તકોમાં સ્થાનિક વિષયવસ્તુ અંતર્ગત: સાહિત્યિક અભિગમ | " | 42 |

- **NEP–૨૦૨૦ અંતર્ગત : જીવનદર્શન આધારિત શિક્ષણદર્શન સંદર્ભો વિષયક અર્થઘટન :**

**NEP** –૨૦૨૦ મુજબ શિક્ષણથી ચારિત્ર્ય નિર્માણ થવું જોઈએ. વિદ્યાર્થીઓમાં નૈતિકતા, તાર્કિકતા, કરુણા અને સંવેદનશીલતા વિકસિત થવી જોઈએ. શિક્ષણ પ્રણાલીનો ઉદ્દેશ્ય સારા વ્યક્તિત્વને વિકસાવાનો છે, કે જેઓ તર્ક સંગત વિચાર અને કાર્ય કરવામાં સક્ષમ હોય, તેમનામાં કરુણા અને સહાનુભૂતિ હોય, તેઓ સાહસિક અને અડગ હોય તે બાબતો પર ભાર મૂકવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ અને સર્જનાત્મક કલ્પનાશક્તિ હોય, નૈતિક મૂલ્યો પ્રત્યે નિષ્ઠા હોય અને આ સર્વે મૂલ્યો તેમના વ્યક્તિત્વના પાયામાં હોય તે ખૂબ અગત્યનું છે.

**NEP**–૨૦૨૦ મુજબ ભારતીય યુવાનોમાં દેશ વિશેની જાણકારી હોય અને તેના વૈવિધ્યપૂર્ણ સામાજિક, સાંસ્કૃતિક અને તકનિકી જરૂરિયાતોના સંદર્ભમાં તેનું સાહિત્ય, કલા વિષયક, ભાષા અને રીતિથી જ્ઞાન અને સબળ મૂલ્યોનું સિંચન કરવા કે જે થકી રાષ્ટ્રગૌરવ, આત્મસન્માન, સહકાર અને ઐક્યને સૂચક પ્રાધાન્યતા આપે. શિક્ષણના મુખ્ય ધ્યેય માત્ર બોધાત્મક વિકાસ જ નહીં પણ ચારિત્ર્યનું નિર્માણ, સર્વાંગી

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

વિકાસ અને ૨૧મી સદી માટે જરૂરી બધા કૌશલ્યોથી સજ્જ વ્યક્તિઓનું નિર્માણ કરવાનો રહેશે. પૂર્વ પ્રાથમિક શાળાથી ઉચ્ચ શિક્ષણ સુધીના દરેક તબક્કે એક ચોક્કસ પ્રકારના માળખાં તૈયાર કરવામાં આવશે જેને અભ્યાસક્રમ અને અધ્યાપન પધ્ધતિ સાથે સાંકળી લેવામાં આવશે. આ કૌશલ્યો અને મૂલ્યોને સાહિત્યિક આધારસ્તંભ પર વિદ્યાર્થીઓના જીવનમાં ઉતરે એ માટે વિશિષ્ટ રીતે અભ્યાસક્રમનું માળખું અને શિક્ષણ પ્રક્રિયાઓ વિકસિત કરવામાં આવશે.

- **NEP –૨૦૨૦માં પ્રતિબિંબિત થતો સાહિત્યિક પીઠિકાનો અનુબંધ અંતર્ગત સંદર્ભો**
- ***વર્ગીકરણ:1 શાળા શિક્ષણ***

**૧) ડિજિટલ લાઈબ્રેરી એક ઉત્તમ પહેલ: સાહિત્યિક પીઠિકાનો અનુબંધ :**

- **NEP**–૨૦૨૦નો મુખ્ય ઉદ્દેશ્ય સારા વ્યક્તિત્વને વિકસાવવાનો છે, કે જેમાં કરુણા, સહાનુભૂતિ, સાહસિકતા, સર્જનાત્મકતા, વૈજ્ઞાનિક અભિગમ, મૂલ્યો પ્રત્યે નિષ્ઠા આમ, આવા પ્રત્યેક મૂલ્યો વ્યક્તિત્વના પાયામાં હોય અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦નો મુખ્ય હેતુ મૂલ્યમયી એવા કર્મઠ લોકો તૈયાર કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. જે અંતર્ગત દરેક સ્તરે વિદ્યાર્થીઓ માટે સ્થાનિક તથા ભારતીય ભાષાઓમાં ઉચ્ચ ગુણવત્તાવાળા અનુવાદ દ્વારા પ્રેરણાદાયી પુસ્તકો વિકસાવવાની બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે. એ માટે ડિજિટલ લાઈબ્રેરીની એક ઉત્તમ પહેલને આકાર આપવાની વાત કરવામાં આવી છે. જે અંતર્ગત સાહિત્યિક વિષયવસ્તુ અને સાહિત્યિક પ્રવૃત્તિઓ બદલાતા પ્રવાહ અંતર્ગત ડિજિટલ લાઈબ્રેરીમાં સમાવેશનની તકો પ્રતિબિંબ થતી જણાય છે.

**૨) વાંચનના વાતાવરણ માટે પુસ્તકાલયનું નોંધપાત્ર વિસ્તરણ**

- **NEP** –૨૦૨૦ મુજબ સારી શૈક્ષણિક સંસ્થાઓ વિષયક કહેવામાં આવ્યું છે, કે જ્યાં વિદ્યાર્થીઓને ભાવપૂર્વક આવકાર મળે તથા વિદ્યાર્થીઓને સંરક્ષણ, પ્રેરણાદાયી વાતાવરણ હોય અને વિદ્યાર્થીઓને જરૂરી પ્રત્યેક પ્રકારના વાસ્તવિક અનુભવો પૂરા પાડવા માટે યોગ્ય સંસાધનો ઉપલબ્ધ હોવા જોઈએ. જે અંતર્ગત પ્રેરણાદાયી પુસ્તકોને શાળાના તથા જાહેર પુસ્તકાલયમાં વ્યાપકપણે ઉપલબ્ધ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

કરાવવાની બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. દેશભરમાં સૌને વાંચનાભિમુખ કરવા માટે જાહેર પુસ્તકાલય શાળા પુસ્તકાલયના વિતરણ બાબતે બહાર મૂકવામાં આવ્યો છે જે અંતર્ગત વિવિધ સાહિત્યિક સ્વરૂપોના પુસ્તકો એ આ પુસ્તકાલયનું મહત્વપૂર્ણ હાર્દ છે.

**૩) બુક ક્લબની સ્થાપનામાં નિહિત સાહિત્ય સંદર્ભ**

- બાળ સંભાળથી શાળા શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણના તમામ સ્તરે વિદ્યાર્થીઓમાં જીવન કૌશલ્યો જેવા કે પ્રત્યાયન, સહકાર, જૂથકાર્ય અને નૈતિકતા, માનવીય અને બંધારણીય મૂલ્યો જેવા કે સેવા, સ્વચ્છતા, સ્વતંત્રતા, સમાનતા, જવાબદારી, ન્યાય જેવા વિવિધ મૂલ્યોના વિકાસ તેમજ ક્ષમતાઓના વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને ગામડાઓમાં શાળામાં પ્રોત્સાહન આપવા માટે બુક ક્લબ સ્થાપીને તેના સભ્યો જાહેર અને આ અંગે સભાનું આયોજન કરી શકે એ બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. જે અંતર્ગત આપણા ભવ્ય સાહિત્યિક વારસાની જાળવણી માટે બુક ક્લબ એક મહત્વનું અંગ કહી શકાય.

**૪) રાષ્ટ્રીય પુસ્તક પ્રોત્સાહક નીતિ: સાહિત્યિક દ્રષ્ટિએ વ્યાપક પહેલ**

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના દર્શનમાં શિક્ષણ વ્યવસ્થાના પાયામાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આપણી શિક્ષણ સંસ્થાઓના અભ્યાસક્રમ અને શિક્ષણ પદ્ધતિઓ વડે વિદ્યાર્થીઓમાં મૂલ્યો પ્રત્યે અત્યંત આદરની ભાવના વિકસાવી વિદ્યાર્થીઓ સાચા અર્થમાં વિશ્વ માનવ બને તે બાબત સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવી છે. જે અંતર્ગત રાષ્ટ્રીય પુસ્તક પ્રોત્સાહક નીતિ ઘડવામાં આવશે. જેમાં દેશભરમાં ભાષાઓ ના સ્તરો અને શૈલીઓ પર પુસ્તકોની પ્રાપ્યતા, ઉપલબ્ધતા, ગુણવત્તા અને વાચકોની વ્યવસ્થા કરવામાં આવશે.

  - ***વર્ગીકરણ –2 : શાળામાં અભ્યાસક્રમ અને અધ્યાપન શાસ્ત્ર***

**૧) NEP –૨૦૨૦ અંતર્ગત :ભારતની ભાષાઓ' પર ફન પ્રોજેક્ટ/ પ્રવૃત્તિ**

- **NEP** –૨૦૨૦ અંતર્ગત મૂલ્યોનું વાવેતર કરવાના હેતુથી પ્રવૃત્તિઓમાં પણ વૈવિધ્યતા દર્શાવવામાં આવી છે. જે અંતર્ગત બહુ આયામી અને બહુસ્તરીય, લવચિક , પ્રવૃત્તિ આધારિત, રમત ગમત અને શોધ આધારિત તથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ કરાવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત દેશનો દરેક વિદ્યાર્થી ભારતની ભાષાઓ પર એક ભારત શ્રેષ્ઠ ભારત ભાષાઓના સામ્ય ધરાવતા ધ્વનિ એકમો વૈજ્ઞાનિક રીતે ગોઠવેલા મૂળાક્ષરો, લિપિઓ, સામ્યતા ધરાવતા વ્યાકરણ માળખાઓ વગેરેના ખ્યાલો મેળવશે. જે અંતર્ગત ભારતની દરેક ભાષાના સમૃદ્ધ

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

અને ઊંચી કક્ષાના સાહિત્ય વિશે થોડું શીખશે ભારતની શાસ્ત્રીય ભાષાઓ સાહિત્યના મહત્વ પ્રસંગિકતા અને સૌંદર્યને મહત્વ મળશે એ બાબત ઉજાગર કરવામાં આવી છે.

**૨) વિષયોના વિકલ્પ તરીકે :શાસ્ત્રીય ભાષાઓ અને સાહિત્ય**

- **NEP** –૨૦૨૦ અંતર્ગત પૂર્વ પ્રાથમિક શાળાથી ઉચ્ચ શિક્ષણ સુધીના દરેક તબક્કે એક ચોક્કસ પ્રકારના મૂલ્યો તથા કૌશલ્યોની યાદી તૈયાર કરવામાં આવશે, જેને અભ્યાસક્રમ અને અધ્યાપન પદ્ધતિ સાથે સાંકળીને અને કૌશલ્યો વિદ્યાર્થીઓના જીવનમાં ઉતરે એ માટેનું અભ્યાસક્રમનું માળખું અને શિક્ષણ પદ્ધતિઓનો દિશા નિર્દેશ કરવાની બાબત સ્પષ્ટ કરવામાં આવી છે. વિષયના વિકલ્પ તરીકે શાસ્ત્રીય ભાષાઓ અને સાહિત્ય

  ભારત સંસ્કૃત સિવાયની અન્ય શાસ્ત્રીય ભાષાઓમાં પણ અત્યંત સમૃદ્ધ સાહિત્ય ધરાવે છે જે અંતર્ગત તેમની સાહિત્યિક કૃતિઓની પણ ભારત અને વિશ્વની ભાવિ પેઢીના આનંદ અને વિચાર સમૃદ્ધિ માટે જાળવણીના હેતુ માટે શાસ્ત્રીય ભાષા અને સાહિત્ય પણ વિદ્યાર્થીઓ માટે વિષયોના વિકલ્પો તરીકે વ્યાપક પણે ઉપલબ્ધ થશે સમૃદ્ધ મૌખિક અને લેખિત સાહિત્ય સાંસ્કૃતિક પરંપરાઓના વિકાસ અને જ્ઞાન ધરાવતી તમામ ભારતીય ભાષાઓ માટે પણ આવા જ પ્રયાસો કરવામાં આવશે જે અંતર્ગત સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓનો સમાવેશન દ્રષ્ટિગોચર થાય છે.

**૩) આનુભવિક: ભાષા શિક્ષણ અંતર્ગત સાહિત્ય**

- **NEP** –૨૦૨૦ અંતર્ગત શાળા શિક્ષણના પ્રત્યેક તબક્કે કલા દ્વારા શિક્ષણ અને રમત ગમત શિક્ષણ દ્વારા વિવિધ જીવન મૂલ્યો, બૌદ્ધિક ક્ષમતાઓ, ભારતીય મૂલ્યોને જોડવાની બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.જેમાં ફિલ્મો, નાટક, વાર્તા, કવિતા, સંગીત જેવા ભાષાઓના સાંસ્કૃતિક પાસાંનો ઉપયોગ કરીને ભાષા રમતો તેમજ ભાષા અધ્યાપન માટે એપ્લિકેશન્સ સહિતની નવીન અને અનુભવી પદ્ધતિઓના ઉપયોગ વડે ભાષા શિક્ષણ વધુ અસરકારક બનાવવામાં આવશે. જે અંતર્ગત ઉત્તમૌતમ સાહિત્યિક કૃતિઓ નો પણ ડિજિટલ એપ્લિકેશનમાં સમાવેશન દ્રષ્ટિગોચર થાય છે.

**૪) બેગલેસ ડે અંતર્ગત સાહિત્યિક અનુબંધ**

- **જે** અંતર્ગત તમામ વિદ્યાર્થીઓ ધોરણ 6 થી 8 દરમિયાન દસ દિવસના દફતર વગરના તાસમાં ભાગ લેશે. જેમાં કલાકારો સ્થાનિક વ્યવસાયિક નિષ્ણાતોના માર્ગદર્શનમાં તાલીમ રહેશે જેમાં કલાક અને વ્યવસાયિક હસ્તકલા સહિત વિવિધ ક્ષમતા વિકસિત કરનારી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન બાબતે ઐતિહાસિક સંસ્કૃતિ અને પ્રવાસની દ્રષ્ટિએ મહત્વના સ્થળો અને સ્મારકોની મુલાકાત લેશે જે અંતર્ગત અહીં ઐતિહાસિક સાહિત્ય અવલોકન તથા વાંચન અને વેગ મળશે એવો પ્રતિબંધ થાય છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**૫) ભારતનું જ્ઞાન' વિષય અંતર્ગત સાહિત્ય**

- **NEP** –૨૦૨૦ અંતર્ગત ૨૧મી સદીની આવશ્યકતાઓને ધ્યાને લેતા શિક્ષણનો મુખ્ય હેતુ પૂર્ણ વિકસિત અને સર્જનાત્મક વ્યક્તિઓના વિકાસનો હોય તે દર્શાવવામાં આવ્યું છે. આ સાથે વ્યક્તિ ચારિત્રિક અને નૈતિક બને, વિદ્યાર્થીઓને સંતોષકારક જીવન તથા આર્થિક સક્ષમતા બક્ષવાની વાત કરવામાં આવી છે.ભારતનું જ્ઞાન વિષય અંતર્ગત સાહિત્ય અંતર્ગત ભારતના જ્ઞાન અને આધુનિક ભારતમાં તેના યોગદાન તેની સફળતાઓ અને તેના પડકારોનો સમાવેશ કરાશે જેમાં ભાષાશાસ્ત્ર અને સાહિત્ય વગેરેને આવરી લેવાશે જે ભારતીય જ્ઞાન પ્રણાલી પર એક આકર્ષક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરશે જે અંતર્ગત ભારતનું જ્ઞાન જાણવાના હેતુથી અહીં એવું પ્રતિબિંબિત થાય છે કે ભારતીય પ્રાચીન મધ્યકાલીન તથા અર્વાચીન સાહિતિક પીઠિકાનો આશ્રય લઈ અને ભારતનું જ્ઞાન વિદ્યાર્થીઓ મેળવશે.

**૬) દસ્તાવેજી ફિલ્મ, વિડિયો નિદર્શન અંતર્ગત સાહિત્યિક પીઠિકા**

- **NEP** –૨૦૨૦ અંતર્ગત સર્વાંગી અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ પ્રાપ્ત કરવા સામુદાયિક જોડાણ અને સેવાના ક્ષેત્રમાં પ્રોજેક્ટ, પર્યાવરણીય શિક્ષણ અને મૂલ્ય આધારિત શિક્ષણનો સમાવેશ કરવાની બાબત સ્પષ્ટપણે ઉજાગર કરવામાં આવી છે. સમગ્ર શાળા અભ્યાસક્રમમાં પ્રેરણાદાયી મહાનુભાવો પ્રાચીન અને આધુનિક વગેરે વિષયો પર દસ્તાવેજ ફિલ્મ કે વિડિયો નિદર્શન દ્વારા શાળા શિક્ષણના દરેક તબક્કે વિદ્યાર્થીઓને બતાવવામાં આવશે.

**૭) સાંસ્કૃતિક આદાન પ્રદાન કાર્યક્રમ અંતર્ગત સાહિત્યનો સંદર્ભ**

આદાન–પ્રદાન કાર્યક્રમ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને વિવિધ રાજ્યોની મુલાકાત લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે જે અંતર્ગત વિવિધ રાજ્યોની સાહિત્યક પેઠિકાનો અનુભવ પણ વિદ્યાર્થીઓને મળશે અને સાહિત્ય ખ્યાલ મેળવવા માટે વિદ્યાર્થીઓ પ્રેરાશે.

**૮) ભારતીય મૂલ્ય અંતર્ગત સાહિત્યિક આધારસ્તંભ**

ભારતીય મૂલ્ય વિકસાવવા માટે બાળકોને પંચતંત્ર જાતક હિતો પ્રદેશ અને ભારતીય પરંપરાની અન્ય રમુજી કથાઓ અને પ્રેરણાદાયક વાર્તાઓ વાંચવા અને શીખવાની તક મળશે તથા તેની વૈશ્વિક સાહિત્ય પર તેમના પ્રભાવ વિશે પણ શીખવા મળશે.

***વર્ગીકરણ –૩ :ભારતીય ભાષાઓ, કલા અને સંસ્કૃતિનું સંવર્ધન***

**૧) સાંસ્કૃતિક સંપત્તિ સંરક્ષણ અંતર્ગત સાહિત્યિક પીઠિકા**

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

ભારતીય સંસ્કૃતિ સરક્ષણ અંતર્ગત ભારતીય કલા સાહિત્યિક કૃતિઓ ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધોરહરોના સ્થાનો વગેરેમાં અભિવ્યક્ત થતી દેખાય છે ભારતના પ્રાચીન સાહિત્યનો વાંચન કરવું તથા ભારતના દર્શન શાસ્ત્રથી પ્રેરિત થવા ની બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે જે અંતર્ગત વિદ્યાર્થીઓ ભારતના સમૃદ્ધ સાહિત્ય તરફ શીખવા તરફ પ્રેરાશે.

***વર્ગીકરણ –4: તકનીકીનો ઉપયોગ અને સમન્વય***

**૧) વેબ આધારિત પ્લેટફોર્મ /પોર્ટલ મારફતે ભાષા દસ્તાવેજીકરણ**

ભારતના તમામ ભાષા અને કલા સંસ્કૃતિનું દસ્તાવેજીકરણ વેબ આધારિત પ્લેટફોર્મ પોર્ટલ વિકિપીડિયા મારફતે કરવામાં આવશે આમંચ પર વિડીયો શબ્દકોષો રેકોર્ડિંગ વાર્તા સાંભળવી કવિતાનું પઠન કરવું નાટકો કરવા લોકગાયનોભારતના તમામ ભાષા અને કલા સંસ્કૃતિનું દસ્તાવેજીકરણ વેબ આધારિત પ્લેટફોર્મ પોર્ટલ વિકિપીડિયા મારફતે કરવામાં આવશે આમંચ પર વિડીયો શબ્દકોષો રેકોર્ડિંગ વાર્તા સાંભળવી કવિતાનું પઠન કરવું નાટકો કરવા લોકગાયનો વગેરે રજૂ કરવાની વાત કરવામાં આવી છે ભારતીય ભાષાઓમાં વિવિધ શ્રેણીમાં ઉત્કૃષ્ટ કવિતાઓ અને ગદ્ય માટે ઇનામું જેવા પ્રોત્સાહન માટે પગલાં લેવાની વાત કરવામાં આવી છે જેથી તમામ ભારતીય ભાષાઓના જીવંત કવિતા નવલકથા અને અન્ય કૃતિઓ સુનિશ્ચિત કરવામાં આવશે જેથી સાહિત્યિક દ્રષ્ટિએ સંવર્ધનનુ પાસું મજબૂત બનશે. વગેરે રજૂ કરવાની વાત કરવામાં આવી છે ભારતીય ભાષાઓમાં વિવિધ શ્રેણીમાં ઉત્કૃષ્ટ કવિતાઓ અને ગદ્ય માટે ઇનામું જેવા પ્રોત્સાહન માટે પગલાં લેવાની વાત કરવામાં આવી છે જેથી તમામ ભારતીય ભાષાઓના જીવંત કવિતા નવલકથા અને અન્ય કૃતિઓ સુનિશ્ચિત કરવામાં આવશે જેથી સાહિત્યિક દ્રષ્ટિએ સંવર્ધનનુ પાસું **મજબૂત બનશે.**

**૨) વિશ્વવિદ્યાલય અને સંશોધન જૂથો દ્વારા ડિજિટલ મંચ સમૃદ્ધિ**

દેશભરના લોકોને પ્લેટફોર્મ પોર્ટલ અને વિકિપીડિયામાં પ્રસંગિક સામગ્રી ઉમેરી આ પ્રયાસોમાં યોગદાન આપવા માટે આમંત્રણ આપવામાં આવશે વિશ્વ અને સંશોધન જૂથો આ મંચ અને સમૃદ્ધ કરવા માટે દેશભરના સમુદાયો સાથે કામ કરશે આ સંરક્ષણ પ્રયાસો ઈતિહાસ પુરાતત્વ અને ભાષા વિજ્ઞાન તથા તેને સંલગ્ન સંશોધન પ્રોજેક્ટ કરવા માટે તેમને નાણાકીય સહાય પણ પૂરી પાડવામાં આવશે તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે જે અંતર્ગત સાહિત્યિક પ્રોજેક્ટસને વેગ મળતાં સાહિત્યિક સંવર્ધન વેગીલું બનશે.

**૩) ઓનલાઈન પુસ્તકો અને ICT સજ્જ પુસ્તકાલય**

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

ઉપરોક્ત તમામ પાસાને દ્રઢ કરવા માટે તકનીકીના લાભ લેવામાં આવશે જે અંતર્ગત ઓનલાઈન પુસ્તકો અને આઈસીટી થી પુસ્તકાલય શું સર્ચ કરવાની બાબત પર પ્રકાશ પાડવામાં આવે છે જે અંતર્ગત બદલાતા પ્રવાહને અનુરૂપ સાહિત્ય એ ઓનલાઈન પરફોર્મ અને ડિજિટલ પુસ્તકાલયમાં સ્થાન પામશે.

***વર્ગીકરણ –5: સ્થાનિક વિષયવસ્તુ અને પરિપ્રેક્ષ્ય ધરાવતા રાષ્ટ્રીય પાઠ્યપુસ્તકો***

**૧) ગ્રામીણ પુસ્તકાલય અને વાંચનાલયોની સ્થાપના**

દેશભરમાં દરેક જગ્યાએ ગ્રામીણ પુસ્તકાલય અને વાંચનાલ્યો ની સ્થાપના કરવામાં આવશે જેમાં સામાજિક આર્થિક રીતે વંચિત લોકો તેમજ ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં રહેલા લોકો પુસ્તકો સુધી પહોંચી શકે તે માટે ભારતીય ભાષાઓમાં પ્રસિદ્ધ થયેલ પુસ્તકોની ગુણવત્તા અને આકર્ષણ વધારવા માટે ડિજિટલ પુસ્તકાલય રચના તથા વંચિત વિસ્તારોમાં ગ્રામીણ પુસ્તકાલે સ્થાપવામાં આવશે જે અંતર્ગત સાહિત્યિક વિષયવસ્તુ એ બદલાતા પ્રવાહ સાથે ડિજિટલ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થશે.

**૨) બાળ પુસ્તકાલય તેમજ ફરતું પુસ્તકાલય અંતર્ગત સાહિત્યિક અભિગમ**

ભારતીય ભાષામાં વાંચન સામગ્રી ઉપલબ્ધ કરાવીને ભારતભરમાં વિવિધ વિષયોની સામાજિક પુસ્તક કલબની સ્થાપના તથા શૈક્ષણિક શૈક્ષણિક સંસ્થાઓ અને પુસ્તકાલયમાં પરસ્પર સહયોગ વધારવાનો સમાવેશ થશે.

**3) પાઠ્યપુસ્તકોમાં સ્થાનિક વિષયવસ્તુ અંતર્ગત: સાહિત્યિક અભિગમ**

જે અંતર્ગત તમામ પાઠ્યપુસ્તકમાં રાષ્ટ્રીય સ્તર પર મહત્વપૂર્ણ બાબતો સામેલ કરવામાં આવશે આ સાથે તેમાં સ્થાનિક સંદર્ભ અને જરૂરી બાબતો સામેલ કરવી આવશ્યક છે જ્યાં શક્ય હોય ત્યાં શાળાઓ અને શિક્ષકો પાસે એક જ વિષયના જુદા જુદા પાઠ્યપુસ્તકોની પસંદગીની તક હશે તેમની પાસે જેમાં રાષ્ટ્રીય અને સ્થાનિક સામગ્રી સામેલ હોય તેવા અનેક પાઠ્યપુસ્તક હશે. જે અંતર્ગત જે તે સ્થાનિક સાહિત્યથી પણ વિદ્યાર્થીઓ માહિતગાર થશે.

- **મુખ્ય તારણો :**

૧) **NEP**–૨૦૨૦ના સિદ્ધાંતો અંતર્ગત શાળા શિક્ષણના વિભાગ અંતર્ગત દરેક સ્તરે વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાય પુસ્તકો વિકસાવા ડિજિટલ લાઈબ્રેરીની ઉત્તમ પહેલ પર ભાર મૂકવામાં આવ્યો છે..

૨) **NEP**–૨૦૨૦ની શિક્ષણ વ્યવસ્થા ભારતીય સંસ્કૃતિના મૂલ્યોમાં શ્રદ્ધા રાખે છે. જે અંતર્ગત વાંચન ના વાતાવરણ માટે બુકકલબ ની સ્થાપના પર પ્રકાશ પાડવામાં આવે છે જે અંતર્ગત સાહિત્યનો અનુબંધ જોવા મળે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

૩) **NEP** –૨૦૨૦ અંતર્ગત ભારતની ભાષાઓ પર પ્રોજેક્ટ, વિષયો વિકલ્પ તરીકે શાસ્ત્રીય ભાષાઓ તથા સાહિત્ય અને ભાષા શિક્ષણમાં અઆનુભવિક શિક્ષણ માટે કવિતા, વાર્તા, નાટક વગેરે જેવા સાહિત્યનો પાયો એ આધાર સ્તંભ બને છે.

૪) **NEP**–૨૦૨૦ અંતર્ગત ધોરણ છ થી આઠ ના દસ દિવસ દફતર વગરના તાસમાં સ્થાનિક કલા, હસ્તકલા તેમજ ઐતિહાસિક સાંસ્કૃતિક અને પ્રવાસન સ્થળોની મુલાકાત અંતર્ગત પ્રાચીન સાહિત્યનો અનુબંધ જોવા મળે છે.

૫) **NEP** –૨૦૨૦ અંતર્ગત વિષય તરીકે 'ભારતનું જ્ઞાન' એ વિષય અંતર્ગત તેની સફળતાઓ, યોગદાન, ભાષાશાસ્ત્ર, સાહિત્યના વિષયવસ્તુને દસ્તાવેજ ફિલ્મ કે વિડિયો નિદર્શન દ્વારા પીરસવામાં આવશે જ્યાં સાહિત્યિક પ્રવૃત્તિઓને ડિજિટલ પ્લેટફોર્મ પર મુકવાની તકો સાંપડશે.

૬) **NEP** –૨૦૨૦ અંતર્ગત ભારતીય મૂલ્યના વિકાસ અંતર્ગત બાળકોને પંચતંત્ર, જાતક, હિતોપદેશ જેવી ભારતીય પરંપરાની કથાઓ અને વાર્તાઓ પ્રત્યે વાંચનાવિમુખ કરવાથી અહીં ભારતીય સાહિત્યનો અનુબંધ જોવા મળે છે.

૭) **NEP** –૨૦૨૦માં અભ્યાસક્રમમાં આવશ્યક વિષયો કૌશલ્યો અંતર્ગત નૈતિક, આધ્યાત્મિક, બંધારણીય તેમજ વૈશ્વિક મૂલ્યોના વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. આ સાથે જ સમગ્ર શાળા અભ્યાસક્રમમાં ભારતના પ્રેરણાદાયી મહાનુભાવો, પ્રાચીન અને આધુનિક વિવિધ વિષયો અંતર્ગત સંસ્કૃતિ જતનની વાત કરવામાં આવી છે.

૮) NEP –૨૦૨૦માં આ સાથે વિદ્યાર્થીના નૈતિક વિકાસ અને બહુવિધ દ્રષ્ટિકોણ માટે પરંપરાગત ભારતીય મૂલ્યો અને બંધારણીય મૂલ્યો વિકસાવવા માટે બાળકોને ભારતીય પરંપરાની પ્રેરણાદાયક વાર્તાઓ અને વૈશ્વિક સાહિત્યના શિક્ષણની આપવાની વાત કરવામાં આવી છે.

૯) **NEP** –૨૦૨૦ અંતર્ગત સમાન અને સર્વસમાવેશક શિક્ષણ અંતર્ગત શાળાકીય અભ્યાસક્રમોમાં માનવીય મૂલ્યો, સંસ્કૃતિઓ, ધર્મ, ભાષાઓનું અધ્યાપન વિકસાવીને વિશાળ સમાજમાં સમરૂપતાની બાબત આલેખવામાં આવી છે.

૧૦) **NEP –૨૦૨૦ અંતર્ગ**ત સ્થાનિક વિષયવસ્તુ અને પરિપ્રેક્ષ્ય ધરાવતા રાષ્ટ્રીય પાઠ્યપુસ્તકો અંતર્ગત સ્થાનિક સામગ્રી સામેલ કરવાની બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે જેમાં સ્થાનિક સાહિત્યની પણ સમાવેશકતા એક વિકલ્પ છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

૧૨) **NEP** –૨૦૨૦ અંતર્ગત ગ્રામીણ પુસ્તકાલયની સ્થાપના, બાળ પુસ્તકાલય, ફરતું પુસ્તકાલય તથા ઓનલાઈન પુસ્તકો અને આઈસીટીથી પુસ્તકાલય અંતર્ગત ભારતીય સાહિત્યિક કૃતિઓ એ ડિજિટલ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ બનશે.

- **શૈક્ષણિક ફલિતાર્થો :**
- ડિજિટલ પુષ્કાલયમાં ઉચ્ચ ગુણવત્તા વાળું સાહિત્ય ઓનલાઇન પ્લેટફોર્મ પર મૂકીને શાળા કે ગ્રામ્ય કક્ષાએ આઈસીટી પુસ્તકાલયનો જીવંત ઉપયોગ થવો જોઈએ.
- 'ભારતનું જ્ઞાન' પીરસવા ભારતની ભવ્યાતિભવ્ય સંસ્કૃતિમાં પડેલા મહાન ગ્રંથો અને સાહિત્યને આધાર સ્તંભ તરીકે લેવા જોઈએ.

- વિદ્યાર્થીઓની શારીરિક, માનસિક, આધ્યાત્મિક, અંતર્હિન શક્તિઓને બહાર લાવી તેનો યોગ્ય વિકાસ થાય એ માટે સાહિત્યિક વિષયવસ્તુને પાયારૂપ મૂકવું જોઈએ.
- કેળવણી દ્વારા કેળવણી દ્વારા જીવનની સધ્ધરતા માટેનાં ઉચ્ચતમ મૂલ્યોનો વિકાસ થવો જોઈએ, તેમજ સંસ્કારની કેળવણી આપતી સાહિત્યિક, સંસ્કૃતિ, સહઅભ્યાસિક પ્રવૃતિઓ યોજવી જોઇએ.
- કેળવણી દ્વારા જીવનની આંતરિક સમૃધ્ધિના વિકાસ માટે અને પૂર્વજોના સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ, સંમાર્જન અને સંવર્ધન કરવાની તાકાત કેળવણી દ્વારા પ્રગટે તેવું અભ્યાસક્રમ માળખું રચાવું જોઈએ.
- કેળવણી દ્વારા સંસ્કૃતિના ઉચ્ચ આદર્શો અને મૂલ્યોનું જતન કરવું અને સમાજ માન્ય વ્યવહારોનું સમર્થન કરવું એ કેળવણીનો મુખ્ય આશય અપનાવતી શિક્ષણ પધ્ધતિઓ વિકસાવવી જોઈએ.
- કેળવણી દ્વારા વિદ્યાર્થીઓ અન્ન, વસ્ત્ર અને મકાનની મૂળભૂત જરૂરિયાતો મેળવી શકે, તેમજ આત્મનિર્ભરતાનું શિક્ષણ મળવું જોઈએ. વ્યક્તિમાં સ્વતંત્ર વિચારશક્તિ, કલ્પનાશક્તિ, નિર્ણયશક્તિનો સમુચિત વિકાસ થવો જોઈએ.
- ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણનો હેતુ ચારિત્ર્યિક, નૈતિક અને બંધારણીય મૂલ્યો, બૌધ્ધિક જિજ્ઞાસા, વૈજ્ઞાનિક પ્રકૃતિ, સર્જનાત્મકતા, સેવાની ભાવના અને વિજ્ઞાન સહિત વિભિન્ન વિષયોમાં ૨૧મી સદીની ક્ષમતાઓને વિકસાવતું હોવો જોઈએ.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

- કેળવણી દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક પ્રકૃતિ, નાગરિકત્વ, મૂલ્યો અને જીવનકૌશલ્યો, સેવાના પાઠ અને સમસ્યા માટે જાગૃતિ, શાંતિ, સહનશીલ, સુરક્ષિત અને સાતત્યપૂર્ણ, વૈશ્વિક નાગરિકત્વ વિકસાવતું શિક્ષણ આપાવું જોઈએ.

## સંદર્ભસૂચિ :

- **પુસ્તકો :**

આચાર્ય, એમ. એ. (૨૦૦૯). ***શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.*** અમદાવાદ : અક્ષર પબ્લિકેશન

આચાર્ય, આર. એસ. (૨૦૦૨). ***નૈતિક શિક્ષણ.*** અમદાવાદ : યુગનિર્માણ બોર્ડ.

ઉચાટ, ડી. એ. (૨૦૦૯). ***શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.*** રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

गोवलकर, एस.और भाटे, एस. ***मूल्यशिक्षा.*** आगरा : राधा प्रकाशन मन्दिर.

ઠાકર, ડી. (૨૦૦૯). ***શિક્ષણ : ચિંતા અને ચિંતન.*** અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.

ઠાકર, ડી. (૨૦૦૯). ***કેળવણીનો કોયડો.*** અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.

ત્રિવેદી, એચ. (૨૦૦૧). ***જીવનલક્ષી શિક્ષણ.*** અમદાવાદ : સંસ્કાર સાહિત્ય મંદિર.

ભટ્ટ,એન. (૧૯૪૬). ***કેળવણીની પગદંડી.*** અમદાવાદ : સંસ્કાર સાહિત્ય મંદિર.

ભટ્ટ,એન. (૧૯૪૬). ***ઘડતર અને ચણતર.*** અમદાવાદ : સંસ્કાર સાહિત્ય મંદિર.

વછરાજાની બી. (૨૦૧૩). ***સાચો શિક્ષકધર્મ.*** રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

શાહ, ડી. (૨૦૦૯). ***શૈક્ષણિક સંશોધન.*** સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

- **ગુજરાતી મહા શોધનિબંધ :**

દવે આર.(૨૦૦૯). ***મૂલ્યનું તત્વજ્ઞાન અને શિક્ષણમાં તેનો વિનિયોગ.*** પીએચ.ડી. મહાશોધનિબંધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

દવે જે.(૨૦૦૯). ***નવમાં ધોરણના ઈતિહાસમાં વિદ્યાર્થીઓને ગાંધીજીની આઝાદીની ચળવળોમાંથી મૂલ્યોનું શિક્ષણ.*** પીએચ.ડી. મહાશોધનિબંધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**Websites :**

**http://shodhganga.inflibnet.ac.in**

**http://www.collegesearch.in**

**http://en wikipedia.org/wiki/poetry**